ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૬.૦૬.૨૦૧૭

## કોંગ્રેસના ધારાસભ્યોને રીપીટ કરવાના નિવેદનમાં રાજકીય ડર અને હારની હતાશા છુપાયેલી છે.- શ્રી ભરતભાઈ પંડ્યા

## આ છેતરામણી જાહેરાત જ કોંગ્રેસની આંતરીક જૂથબંધીની પરાકાષ્ઠા દર્શાવે છે.

## કોંગ્રેસમાં આંતરીક લોકશાહી પણ નષ્ટ થઈ ગઈ છે.

## ભાજપા નેતૃત્વબળ, વિકાસબળ, કાર્યકર્તાબળ અને જનતાના વિશ્વાસબળના આધારે ભાજપા ૧૫૦થી વધુ સીટો જીતશે. - શ્રી ભરતભાઈ પંડ્યા

---------------------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષની કોંગ્રેસના ધારાસભ્યોને રીપીટ કરવાના નિવેદનમાં રાજકીય ડર અને હારની હતાશા છુપાયેલી છે. આ છેતરામણી જાહેરાત જ કોંગ્રેસની આંતરીક જૂથબંથીની પરાકાષ્ઠા દર્શાવે છે. કોંગ્રેસ પોતાનું ઘર સાચવી શકે તેમ નથી અને ગુજરાતમાં આવવાની વાત કરે છે. કોંગ્રેસ માત્ર ચૂંટણી આવે છે ત્યારે જ આવે છે અને પછી ગુજરાતની જનતાના ભાજપા તરફી જન-મતથી ઘર ભેગી થઈને જતી રહે છે. નકારાત્મક અને ખંડનાત્મક પ્રવૃત્તિ કરતી કોંગ્રેસ માટે શાસકની વાત તો ઘણી દૂરની છે, પણ કોંગ્રેસ વિપક્ષને પણ લાયક નથી.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં આંતરીક લોકશાહી પણ નષ્ટ થઈ ગઈ છે. જે તે વિધાનસભાના કાર્યકર્તાઓને સાંભળ્યા પણ નથી, તેનું પ્રદેશ કે કેન્દ્રનું પાર્લામેન્ટરી બોર્ડ મળ્યું નથી અને તે પહેલાં કોંગ્રેસ પ્રમુખ દ્વારા ઉતાવળથી પોતાના ધારાસભ્યોને રીપીટ કરવાની લાલચ આપીને કોંગ્રેસ ડૂબતી નાવમાં થીંગડું મારવાનો પ્રયાસ કરે છે.

કોંગ્રેસ પાસે કોઈ વિચાર, કોઈ નેતા કે કાર્યકર્તાઓનું સંગઠનબળ નથી. જ્યારે ભાજપા વિચાર અને કાર્યકર્તા આધારિત પાર્ટી છે. તાજેતરમાં જ સમગ્ર ગુજરાતમાં ૪૮ હજાર જેટલા બુથમાં ૫૦ હજારથી વધુ કાર્યકર્તાઓ દ્વારા ભાજપાની વિચારધારા અને વિકાસયાત્રાને પહોંચાડવા અથાગ પરિશ્રમ કરવામાં આવ્યો હતો અને તેને સંપૂર્ણ હકારાત્મક વાતાવરણમાં સફળતા મળી. ભાજપા પાસે નેતૃત્વબળ, વિકાસબળ, કાર્યકર્તાબળ અને જનતાનું વિશ્વાસબળ છે અને તેથી સૌના સાથ, સૌના વિકાસના મંત્ર સાથે આગામી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતની જનતા ભાજપાને ૧૫૦થી વધુ સીટો જીતાડશે તેવો અમને દ્રઢ વિશ્વાસ છે, તેમ શ્રી પંડયાએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૬.૦૬.૨૦૧૭

**પંડિત દીનદયાળ વિસ્તારક યોજના રાજનીતિક પાર્ટીમાં ઐતિહાસિક ઘટના**

**બુથ પ્રમુખથી રાષ્ટ્રીય પ્રમુખ સુધીના સંગઠનના પદાધિકારીશ્રીઓ એક જ મંચ પર વિસ્તારક તરીકે જોડાય તેવું માત્ર ભાજપામાં જ શક્ય છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

**ગુજરાતના ૫૦ હજારથી વધારે વિસ્તારકોને અભિનંદન પાઠવતા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી**

## વિસ્તારકોને અભૂતપુર્વ આદર, સત્કાર, પ્રેમ આપનાર ગુજરાતની પ્રજાને આભાર વ્યક્ત કરતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી

---

પંડિત દીનદયાળ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ભાજપાના ગરીબ કલ્યાણ વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજીત ઐતિહાસિક વિસ્તારક યોજનાને અભૂતપુર્વ આવકાર, આદર, સત્કાર, પ્રેમ આપનાર ગુજરાતની પ્રજાનો ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ આભાર વ્યક્ત કર્યો હતો, સાથોસાથ આ વિસ્તારક યોજનામાં સમયદાન આપનાર ૫૦ હજારથી વધુ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

તા. ૨૮ મે (વીર સાવરકર જન્મજયંતિ) થી તા. ૫ જૂન (પ.પૂ. ગુરૂજીની પુણ્યતિથિ) સુધીના સમયગાળા દરમ્યાન યોજાયેલ વિસ્તારક યોજનાના પ્રથમ તબક્કામાં દેશના ૪ લાખ અને ગુજરાતના ૫૦ હજારથી વધુ વિસ્તારકો આ વિસ્તારક યોજનામાં જોડાયા હતા.

ગત તા. ૨૮ મેથી શરૂ થયેલી વિસ્તારક યોજના અંતર્ગત **રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ** છોટાઉદેપુર ખાતે, **પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ** તેમજ **પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા** ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, સુરત, છોટાઉદેપુર અને વડોદરા ખાતે, **રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા** મોરબી, અમરેલી, ગાંધીનગર, નવસારી, ભરૂચ, વડોદરા ખાતે, **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી** ખેડા, **નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ** મહેસાણા, **પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**એ વડોદરા શહેર, વલસાડ, પંચમહાલ, છોટા ઉદેપુર, વડોદરા જીલ્લો, અમદાવાદ જી., પાટણ, રાજકોટ, કર્ણાવતી શહેર અને ભાવનગરના બુથમાં વિસ્તારક તરીકે મુલાકાત લીધી હતી અને ભાજપાની વિચારધારા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૧૦૬થી પણ વધુ યોજનાઓ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી જન-જન સુધી પહોંચાડી હતી.

બુથ પ્રમુખથી લઈને રાષ્ટ્રીય પ્રમુખ સુધીના સંગઠનના હોદ્દેદારો એક જ મંચ પર વિસ્તારક તરીકે ભેગા થયા હોય તેવું ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત નોંધાયું છે અને તે માત્ર રાષ્ટ્રવાદી ભાજપામાં જ શક્ય છે. **માત્ર ને માત્ર પાર્ટીનો પ્રચાર કરવો, મિસ્ડકૉલ કરીને સભ્ય બનાવવા તે એક માત્ર ભાજપાનો હેતુ નથી, પરંતુ ગરીબલક્ષી પ્રજાકલ્યાણની કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને પ્રજા સુધી પહોંચાડવી, આ યોજનાઓનો લાભ કઈ રીતે લઈ શકાય તેની પ્રજાને સમજ આપવી, આમ સાચા અર્થમાં જન સેવા કરવી તે જ ભાજપાનો મૂળ મંત્ર છે** અને તેના માટે જ ગુજરાત ભાજપાના ૫૦ હજાર વિસ્તારકો દિવસ-રાત જોયા વગર ઘરે-ઘરે જઈને જનસંપર્ક કર્યો તે બદલ હું ભાજપાના તમામ વિસ્તારકોને દિલથી અભિનંદન પાઠવું છે. તેમ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની સાડા ૬ કરોડ જનતાએ વિસ્તારકોનું ભવ્ય સ્વાગત, અભિવાદન કર્યું હતું, તે બદલ હું જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું. વિસ્તારક તરીકે ઘરે-ઘરે જઈને જનસંપર્ક કરનાર કાર્યકર્તાઓનું ગુજરાતની જનતાએ કંકુ-ચોખાથી તિલક કરીને આવકાર આપ્યો હતો, ગુજરાતની જનતાએ માત્ર સ્વાગત જ નહોતું કર્યું, પરંતુ પ્રેમપૂર્વક પોતાના ઘરે આતિથ્ય સત્કાર-ભોજન કરાવી ગુજરાતની અમુલ્ય સંસ્કૃતિના દર્શન કરાવ્યા છે. ગુજરાતની જનતાનો આ પ્રેમ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. અભૂતપુર્વ આદર, સત્કાર, પ્રેમ આપનાર ગુજરાતની જનતાનો હું આભાર વ્યક્ત કરૂં છું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ